# ત્રિવેદી મેવાડા બ્રાહ્મણો નો ઈતિહાસ

*મુળ મેવાડ (રાજસ્થાન) ના વતની હોય મેવાડ બ્રાહ્મણો કહેવાય છે. ગુજરાતમાં ત્રિવેદી મેવાડા જ્ઞાતિની વસ્તી સૌરાષ્ટ્રના ૬ જિલ્લા,ગુજરાતમાં સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, અમદાવાદ, મહેસાણા અને ખેડા જિલ્લામાં મુખ્યત્વે છે. આ સિવાય છૂટી છવાઈ વસ્તી વડોદરા, ભરુચ, સુરત, નવસારી, વલસાડ વગેરે શહેરોમાં છે. એક મંતવ્ય પ્રમાણે વિક્રમ સંવત ૧૨૮૦માં મહાનંદ ત્રિવેદીની આગેવાની નીચે મેવાડની ભુમીમાંથી નાગદા શહેરમાંથી ત્રિવેદી બ્રાહ્મણોએ મુસલમાનોનાં આક્રમણના કારણે સ્થળાંતર કર્યુ હતું. આ જથ્થો ૯૯૯ બ્રાહ્મણોનો હતો. જેમાં બાળકો અને સ્ત્રીઓ પણ હતા. તેઓએ ભીલોડા ગામથી ૫-૬ માઈલ દુર નારસોલી ગામે આવીને એકલીંગજી મહાદેવની સ્થાપના કરી વસવાટ કર્યો હતો અને ત્યાર બાદ સાબરકાંઠામાં અને અન્યત્ર ફેલાયેલા હતા. હાલ તડ ગુજરાતમાં વસતા ત્રિવેદી મેવાડા બ્રાહ્મણોના ૧૧ વિભાગો છે. (૧) માંડાસિયા વિભાગના બ્રાહ્મણો, (૨) રાહદેશ વિભાગના બ્રાહ્મણો, (૩) વીરપુર વિભાગના બ્રાહ્મણો, (૪) ચરોતર વિભાગના બ્રાહ્મણો, (૫) બાવન વિભાગના બ્રાહ્મણો, (૬) દરકોશી વિભાગના બ્રાહ્મણો, (૭) જવાસ વિભાગના બ્રાહ્મણો, (૮) વાડા વિભાગના બ્રાહ્મણો, (૯) અમદાવાદ વિભાગના બ્રાહ્મણો, (૧૦) બાવીસી વિભાગના બ્રાહ્મણો અને (૧૧) સૌરાષ્ટ્ર વિભાગના બ્રાહ્મણો.*

*આ બ્રાહ્મણોમાં પરાસર,ભારદ્રાર,કશ્યપ,અગત્સ્ય,વસિષ્ઠ,વત્સ કે વચ્છસ,શાંડિલ્ય,ગૌત્તમ વગેરે ગોત્રો છે. ત્રિવેદી મેવાડા બ્રાહ્મણોનો મોટો ભાગ શુકલ યજુર્વેદની માધ્યન્દિની શાખાનો છે. ત્રિવેદી અટકવાળા સામવેદની કૌથમી શાખાના છે. મોટા ભાગના શૈવ છે. તેમના કુળ દેવતા એકલિંગજી છે. ચૈત્રવદ બીજના દિવસે ભેટ-પૂજા ધરવાનો એકાધિકાર ત્રિવેદી મેવાડા બ્રાહ્મણોનો છે. તેમની કુળદેવી કાત્યાયની દેવી છે. ત્રિવેદી મેવાડા બ્રાહ્મણોમાં નીચે જેવા ૧૬ સંસ્કારોનો વારસો જોવા મળે છે.*

***(૧) ગર્ભાધાન :** આ સંસ્કારનો ઉલ્લેખ અથર્વવેદના પાંચમાં મંડળના ૨૫માં સૂક્તમાં થયો છે. તેની ત્રીજી અને પાંચમી કડીઓને બૃહાદારણ્યક ઉપનિષમાં ટાંકવામાં આવ્યાં છે.*

***(૨) પુસંવન :** આ પુત્ર જન્મ માટેનો સંસ્કાર વિધિ છે. અથર્વવેદના છઠ્ઠા મંડળના ૧૧માં સૂકતમાં તેનો ઉલ્લેખ છે.*

***(૪) જાતકર્મ :** આ સંસ્કારોનો ઉલ્લેખ તૈત્તિરીય સંહિતામાં થયો છે. પુત્ર જન્મ થાય ત્યારે વૈશ્વાનરને ૧૨ ઠીકરાં ઉપર રંધાયેલી પુરીનો પ્રસાદ ધરવો જોઈએ. પુત્ર માટે આ 'ઈષ્ટિ'કરવાથી મનુષ્ય પવિત્ર બને છે. કીર્તિમાન થાય છે.*

***(૫) ઉત્યાન :** પુત્ર જન્મ પછી ૧૦માં કે ૧૨માં દિવસે પિતા હજામત કરાવી સ્નાન કરી શુધ્ધ થાય છે ઘરને શુધ્ધ કરે છે અને પૃથ્વીને ઉદ્દેશીને જાતક અગ્નીમાં આહુતી આપી અન્યગોત્રી બ્રાહ્મણ પાસે હોમ કરાવે છે.*

***(૬) નામકરણ :** નામકરણ ક્યારે કરવું તે માટે ઘણાં મતભેદ જોવા મળે છે. હાલ ૧૨માં દિવસે સ્ત્રીઓ વડે ઘરના પુરુષોની સંમતીથી એકઠા થઈને સૂત્ર ગ્રંથોમયાં સુચવ્યા મુજબ કોઈપણ વિધિ વીના નામ પડાય છે.*

***(૭) કર્ણવેધ :** કાનની બટ્ટી જન્મ પછી સામાન્ય રીતે ૧૨માં દિવસે વીંધવામાં આવે છે. બૌધાયન ગૃહ્યસૂત્રમાં સાતમાં કે આંઠમાં માસમાં કર્ણવેધ કરવાનું*

***(૮) નિષ્ક્રમણ :** બાળકના જન્મ પછી બાળકને ઘરની બહાર ચોથા માસે લઈ જવાય છે. ગોભિલે ચંદ્રદર્શન જન્મ પછી ત્રીજા શુક્લ પક્ષની તૃતિયાને દિવસે*

***(૯) અન્નપ્રાસન :** મોટા ભાગની 'સ્મૃતિઓ' બાળકના જન્મ પછી છઠ્ઠા માસે રાંધેલુ અનાજનું બોટણ કરવા સૂચવે છે. આ વખતે પિતા કેટલાક મંત્રો બોલે છે અને બાકીનું અન્ન માતા ખાય છે.*

***(૧૦) ચૌલ કે ચૂડાકર્મ :** બાળકના જન્મ પછી પહેલા કે ત્રીજા વર્ષે બાળકના બાલમોવાડા ઉતારવાની વીધી સુચવાઈ છે.*

***(૧૧) વિદ્યારંભ :** ત્રીજા અને આંઠમાં વર્ષે વચ્ચે ગણિત અને બારાખડી શીખવવાની શરૂઆત કરાય છે. ત્યાર બાદ ઉપનયન વીધી બાદ વેદ વગેરેનો અભ્યાસ શરુ કરવાનું જણાવાયું છે.*

***(૧૨) ઉપનયન :** ઉપનયન સંસ્કાર ખૂબ પ્રાચીન છે. ઋગ્વેદના દસમાં મંડળના ૧૦૯માં સૂક્તમાં બ્રહ્મચારી શબ્દનો ઉલ્લેખ છે. યજ્ઞોપવિત્ર તૈત્તિરીયસંહિતા । ૨-૫-૧૧માં સૌથી પ્રથમ 'નિવૃત'નો ઉલ્લેખ છે. માણસ માટે અને ઉપવિતનો દેવતાઓની ધાર્મિક વિધિઓ કરતી વખતે ઉપયોગ કરાતો હતો. ઋષિઓનું તર્પણ કરતી વખતે, સહશયન કે સંભોગ વખતે,બાળકોનાં હોમ સિવાયના સંસ્કારો કરતી વખતે,પેશાબ તથા જાજરુ કરતી વખતે મડદું ખભા ઉપર લઈ જતી વખતે,પેશાબ તથા જાજરુ કરતી વખતે મડદું ખભા ઉપર લઈ જતી વખતે તથા મનુષ્ય માટેના અન્ય કોઈપણ કાર્ય વખતે જનોઈનું સૂત્ર ગળામાં લટકતું રખાય છે. આ સ્થિતિ નિવિત્ત કહેવામાં છે. શતપથ બ્રાહ્મણમાં દેવતાઓને યજ્ઞોપવિતવાળા કહેવામાં આવ્યા છે. આમ જનોઈ પહેરવાનો તથાચોટલીની ગાંઠ મારવાનો રીવાજ ઈસ.પૂર્વેનો જણાય છે.*

***(૧૩) ચાર વેદવ્રતો :*** *વેદવ્રતોનો સોળ સંસ્કારોમાં સમાવેશ કર્યો છે. દરેક વ્રત શરુ કર્યા પૂર્વે મુંડન કરાય છે. પહેલા વ્રતની મુદત ત્રણ દિવસ,બાર દિવસ કે વધુમાં વધુ ગુરુની ઈચ્છા પ્રમાણે રહેતી. બાકીના ત્રણ વ્રતોની મુદત એક વર્ષની રહેતી. દરેક વ્રત પૂર્વે ઉપનયન સંસ્કાર ફરીથી કરવામાં આવતો  હોવાનો ઉલ્લેખ જોવા મળે છે.*

***(૧૪) કેશાંત કે ગોદાન :*** *આ સંસ્કારનો વેદવ્રતોમાં ઉલ્લેખ થયો છે. સામાન્ય રીતે આ સંસ્કાર સોળમાં વર્ષે કરાય છે. ઉપનયન સંસ્કાર સોળમાં વર્ષે કરાય છે. ઉપનયન સંસ્કાર સોળ વર્ષ પછી કરવામાં આવે તો ગોદાન કરવાની જરૂર નથી. વાળ કપાવ્યા બાદ સાંજના ગુરુને મૌન ભંગ કરીને બે ગાયોની ભેટ આપવાનું સૂચવાયું છે. એ આમ એક વર્ષ સુધી તપ કરવાનું સુચવ્યું છે.*

***(૧૫) સ્નાન અથવા સમાવર્તન :*** *વેદનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ગુરુનું ગૃહ છોડી દેતાં પહેલા આ સંસ્કાર કરવામાં આવે છે. સ્નાન વિધી વિદ્યાર્થી અવસ્થાનો અંત સૂચવે છે. જે માણસ સમગ્ર જીવનપર્યંત બ્રહ્મચર્ય પાળવા ઈચ્છતો હોય તેના માટે આ કરવાની જરૂર નથી. સમાવર્તનનો અર્થ ગુરુ ગૃહથી પોતાના ઘરે પાછા ફરવું એવો થાય છે.*

***(૧૬) લગ્ન :*** *આ સંસ્કારનો હેતું યજ્ઞ કરવા માટે તથા વંશવિસ્તાર માટે ઋગ્વેદમાં જણાવેલ છે.*

*અંતેષ્ઠિ : આ મનુષ્યના મૃત્ય પ્રસંગે કરાતી વિધિ છે. એકાદશા અને હ્વવાદશાને દિવસે શ્રાદ્ધ કર્યા બાદ તેરમાને દિવસે પુત્રી કે બ્રાહ્મણોને શય્યાદાન કરાય છે. ત્રીજા વર્ષથી નિયમિત શ્રાદ્ધ વિધિ કરાય છે. અંત્યેષ્ટિ સંસ્કારની વિગત મનુસ્મૃતિ તથા યાજ્ઞવલ્યકમાં છે. વેદોમાં આનો ઉલ્લેખ નથી.ગર્ભાધાનથી ઉપનયન સુધીના સંસ્કારો દ્વિજો માટે ફરજીયાત કરવાનું સૂચવાયું છે.*

*ઉપરોક્ત વિગત ગુજરાતના બ્રાહ્મણોના ઈતિહાસમાંથી સંકલીત કરી સાભાર સાથે અત્રે મુકેલ છે.*